सत्यमेव जयते

IN THE COURT
**Mr. H.R. Thakor**
Judge Code: GJ01205.
**THE XXIX ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, AHMEDABAD CITY**
**CC/58623/2025**
**Order below Exhibit-1**

કેસ રેકર્ડ વંચાણે લેતાં, સદરહુ ફરિયાદ ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રોજકામ જોતાં હાલનુ કામ ઘણા લાંબા સમયથી આરોપીને **પ્રોસેસની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં** તેઓને પ્રોસેસ બજવણી કરવા કોઈ કાર્યવાહી કરેલ હોય તેવું જણાતુ નથી. આરોપી **આંધ્રપ્રદેશ રાજ્ય મુકામે** રહે છે. તેમજ ફરિયાદી કોર્ટમાં ઘણી મુદ્દતે હાજર રહેલ હોય તેવુ જણાતુ નથી. ફરિયાદી તરફે ઓથોરાઈઝ કર્મચારીએ સદર કંપનીએ તેમનો પોર્ટ ફોલિયો **૨૪/૧૨/૨૦૨૫** ના રોજ એ.આર.સી. કંપનીને વેચી દીધેલો છે જેથી સદર ફરિયાદની આગળ ચલાવવાની કાર્યવાહી એ.આર.સી. કંપનીએ કરવાની રહે છે. તેવી કોર્ટને લેખિતમાં પુરસીસ આપીને જાણ કરેલી છે. આમ, હાલના કેસના ફરિયાદી **જે. એમ. ફાઈનાન્સ હોમ લોન લીમીટેડ ના ઓથોરાઈઝ પર્સન** જેને સદર ફરિયાદ દાખલ કરેલી છે તેઓ હવે સદર ફરિયાદમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેવુ જાહેર કરેલુ છે અને એ.આર.સી. કંપનીને તેઓએ સદર પોર્ટફોલીયો તેઓએ **તા. ૨૪/૧૨/૨૦૨૫** ના રોજ વેચેલો ત્યારબાદ આજ દીન સુધી એટલે કે **ચાર મહિના** ઉપરાંતના સમય સુધી એ.આર.સી. કંપની કે તેના કોઈ ઓથોરાઈઝ પર્સન સદર ફરિયાદના કામે તેઓ પક્ષકાર તરીકે જોડવા માટે કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોર્ટમાં હજર રહીને રજુઆત કરેલ નથી. આમ, ઉપરોક્ત કરેલી તમામ ચર્ચા ધ્યાને લેતાં ફરિયાદ દાખલ કરનાર કંપનીને સદર ફરિયાદ આગળ ચલાવવાની કોઈ સત્તા રહેલી ના હોય અને જે કંપનીએ સદર ફરિયાદ અંગેની કાર્યવાહી આગળ ચલાવવાની છે તે ફરિયાદી તરીકે જોડાવા માટેની અરજી **ચાર મહિના** ઉપરાંતનો સમય થયેલ હોવા છતાં આપેલ ના હોય જેથી હાલની ફરિયાદના ફરિયાદીને સદર ફરિયાદ આગળ

ચલાવવાની સત્તા જ રહેલ ના હોય તેથી ફરિયાદ હવે ટકવાપાત્ર રહેતી નથી. તથા ફરિયાદ તરફે ફરિયાદીની બેદરકારીના કારણે સદર કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. વધુમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯, તા. ૧૮/૦૧/૨૦૧૦ ના ચૂકાદાને સાથે વંચાણે લેતાં નામ.ગુજરાત રાજ્યની વડી અદાલતે ઠરાવેલ છે કે, જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયિક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે. તે સંજોગોમાં હાલના કામે, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરિયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને પ્રોસેસની બજવણી નહિ કરવા સબબ આરોપીને નિર્દોષ ઠરાવી ફરિયાદીનો કેસ ડીસમીસ ફોર ડિફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૬/૦૫/૨૦૨૬
અમદાવાદ.

**[એચ.આર.ઠાકોર]**
૨૯માં એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં.૩૫, અમદાવાદ સીટી.
GJ01205

Prepared By
PS– A.M.CHAUDHARI